**ક્રિ.ઈન્કઈનં. ૨૩/૨૦૨૬**

**દાહોદના એડી. ચીફ જયુડી. મેજી. એન્ડ પ્રિન્સી.સીની.સીવીલ જજ સાહેબની રૂબરૂ હાજર થઈ લખાવુ છુ કે-**

**મારૂ નામ :- રજત વીજયકુમાર મીસ્ત્રી**

**ઉ.વ. :- ૩૧**

**ધંધો :- નોકરી**

**રહે. :-મુવાલીયા ક્રોસીગ દાહોદ**

**સોગંધ આપ્યા**

હુ મારા દેવ ધર્મના સોગંધ ઉપર જણાવુ છુ કે આરોપીએ મારી પાસે રૂ.૩,૩૮,૦૦૦/- હાથ ઉછીના લીધેલ તે વ્યવહાર પેટે આરોપીએ રૂ ૩,૦૦,૦૦૦/-નો હાલનો તકરારી ચેક આપેલ જે ચેક સમય મર્યાદામા અમારી દાહોદ ખાતેની બેન્કમા જમા કરાવતા તે ચેક **ફંડ ઇન સફીશીયન્ટ** ના શેરા સાથે પરત ફરેલ હોય સદર તકરારી ચેક રીર્ટન થયા બાદ મે સમય મર્યાદામા આરોપીને માગણાની નોટીશ મોકલાવેલ જે નોટીશ આરોપીને બજી ગયેલ છે. પરંતુ આરોપીએ આજદીન સુધી ચેકની રકમ અમને પરત કરેલ ન હોય સમય મર્યાદામા હાલની ફરીયાદ કરેલ છે. ફરીયાદમા જણાવેલ તમામ હકીકતો સાચી અને ખરી છે. ફરીયાદમા મારી સહી છે.

તા. ૦૬/૦૩ /૨૦૨૬

મારી રૂબરૂ

-----------------------------------

પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ એન્ડ

એડી. ચીફ. જયુડી.મેજી.દાહોદ.

**કિ.ઈન્કવાયરી નંબર :- ૨૩/૨૦૨૬ના કામે આંક -૧ લગત હુકમ :-**

ફરીયાદી તથા વ.શ્રી.ને સાંભળ્યા ફરીયાદ હકીકત તથા વેરીફીકેશન વંચાણે લીધુ. ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ પુરાવાનુ સોગંધનામુ તેમજ અસલ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ વીવાદીત ચેક આરોપીનો છે. રીર્ટન મેમો,નોટીશની સ્થળપ્રત,પોસ્ટલ વીન્ડો સ્લીપ વિગેરે જેવા દસ્તાવેજો દયાને લીધા. ફરીયાદ સાથે રજુ કરેલ દસ્તાવેજો જેવાકે ચેક,રીર્ટન મેમો,વિગેરે અને હાલની ફરીયાદ વિગેરે તારીખો દયાને લેતા હાલની ફરીયાદ સમયમયા"દા મા દાખલ કરવામાઆવેલ હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાય છે.ફરીયાદીએ તેઓની ફરીયાદ સાથે પુરાવાનુ સોગંધનામુ રજુ કરેલ છે અને સદર સોગંધનામામા પણ ઉપરોકત દસ્તાવેજોનો ઉલ્લેખ કરેલ છે. અને પુરાવામા સોગંધઉપર હકીકતો જણાવેલ હોય હાલના તબકકે નહી માનવાનુ કોઈ કારણ નથી.

નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ -૧૩૮ જોગવાઇ તથા નામદાર સુપ્રીમકોર્ટના ચુકાદા ,Indian bank Association and others Vs Union of Indian and others (2014) 5 Supreme Court Cases 590" સાથે વાંચતા તેમજ ફરીયાદ હકીકતો અને સાથે રજુ કરેલ દસ્તાવેજો દયાનેલેતા, પ્રથમ દર્શનીયરીતે આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની, ૧૮૮૧ની કલમ -૧૩૮ મુજબનો ગુનો બનતો હોય, નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**આખરી હુકમ :-**

૧. સદર ઈન્કવાયરી ફેસલ કરી હાલની ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટ્રરે નોધવાનો હુકમ કરવામા આવે છે.

૨. આરોપી વીરુધ્ધ પ્રથમ દર્શનીય રીતે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની, ૧૮૮૧ની કલમ -૧૩૮ મુજબના ગુનાનુ સંજ્ઞાન લેવા પુરતો પુરાવો હોઈ, આરોપી વીરુધ્ધ સદર ગુનાનુ સમન્સ કરવુ.

૩. કેસની ન્યાયીક કાર્યવાહી માટે આરોપીની હાજરી શુનિશ્ર્ચિત કરવા આરોપીએ સમન્સ બજેથી મુદત તારીખના રોજ

રૂ.૧૫,૦૦૦/-ના જામીન તેમજ તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કરવાનો રહેશે.
મુદત તારીખ. **૧૦/ ૦૪ /૨૦૨૬** ના રોજની નીયત કરવામા આવે છે.

તા. ૦૬/ ૦૩ /૨૦૨૬

સ્થળ :- દાહોદ

પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ એન્ડ
એડી. ચીફ. જયુડી.મેજી.દાહોદ.